***સ્પે.દિ.કે.નં.૪૬/૨૦૧૮***

## આંક–૫ હેઠળનો હુકમ

**૧)** આ કામના વાદીએ આંક–૫ તથા કાયમી મનાઈ હુકમ બાબતે સદર દાવો દાખલ કરેલ છે અને તેની સાથે વચગાળાની રાહત મેળવવા સારૂ હાલની આંક–૦૫ની સિવીલ પ્રોસિઝર કોડ ઓર્ડર–૩૯ રૂલ ૧–૨ તથા કલમ–૧૫૧ અન્વયે અરજી કરેલ છે. સદર આંક–૫ ની અરજી હેઠળ હાલનો હુકમ કરેલ હોય તેની વિગતનો અત્રે પુનરોચ્ચાર કરેલ નથી.

**(૧.૧)** આ કામના વાદી હાલનો દાવો વડીલો પાર્જીત મીલ્કતમાંથી ભાગ મેળવવા તથા બીનખેતી થયેલ જમીનના પ્લોટોના દસ્તાવેજો રદ કરવા સારૂ હાલનો દાવો કરેલ છે અને આ કામના વાદીએ આંક–૫ ની અરજીમાં પેરા–૧૧ માં નીચે મુજબ દાદ માંગેલ છે.

**અ.** બોટાદ તાલુકાના બોટાદ ગામના સર્વે નં.૩૪૧ પૈકીની એ.૧–૦૮ ગુંઠા એટલે કે ૪૮૫૬ ચો.મી. જમીન જે રહેણાંકના હેતુ સારૂ જીલ્લા પંચાયત કચેરી, ભાવનગરના તા.૬/૦૧/૦૧ના હુકમ મુજબ બિનખેતીમાં ફેરવવામાં આવેલ છે, જે ભાગ રામપાર્ક તરીકે ઓળખાય છે અને તેમાં કુલ–૨૩ પ્લોટ પાડવામાં આવેલ છે તથા બોટાદ ગામના સર્વે નં.૩૪૧ પૈકીની એ.૧–૦૮ ગુંઠા એટલે કે ૪૮૫૬ ચો.મી. જમીન જે રહેણાંકના હેતુ સારૂ જીલ્લા પંચાયત કચેરી, ભાવનગરના તા.૧૩/૦૨/૦૬ના હુકમ મુજબ બિનખેતીમાં ફેરવવામાં આવેલ છે, જે ભાગ રામપાર્ક–૧ તરીકે ઓળખાય છે અને જેમાં કુલ–૨૭ પ્લોટ પાડવામાં આવેલ છે તે સિવાયની બાકી રહેતી હે.આરે.૧–૦૬–૨૨ ચો.મી. ખેતીની જમીન પ્રતિવાદી નં.૧ થી ૮નાઓ અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી તેવો દાવાના આખરી નિકાલ સુધીનો કામ ચલાઉ મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

**બ.** બોટાદ મધ્યે રાજપુત ચોરા પાસે આવેલ સીટ નં.૧૧૬ અને સીટી સર્વે નં.૧૫૭૬ વાળુ મકાન પ્રતિવાદી નં.૧ થી ૮નાઓ અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી તેવો આ દાવાના આખરી નિકાલ સુધીનો કામ ચલાઉ મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

**ક.** ઉપરોકત દાદ–અ તથા બ માં દર્શાવેલ ''રામ પાર્ક" તથા ''રામપાર્ક–૧"માં પાડવામાં આવેલ પ્લોટો ખરીદનારા દરેક પ્રતિવાદી નં.૯ થી ૯૮ નાઓ તેઓ પોતાના

કબજામાં રહેલ પ્લોટો અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી તેવો આ દાવાના આખરી નિકાલ સુધીનો કામ ચલાઉ મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૨) આ કામના પ્રતિવાદીઓને દાવાના પ્રોસેસ બજી જતાં મુખ્ય તકરારી પ્રતિવાદી નં.૧,૨ તથા ૫ થી ૮નાઓએ તેઓના વિદ્ધાન વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને આંક–૨૭૦ થી દાવા તથા હાલની અરજીનો જવાબ રજુ કરેલ છે, જેમાં તેઓએ મુખ્યત્વે વાદીના દાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે. અને જણાવેલ છે કે, અગાઉ રે.દિ.કેસ નં.ર/ર૦૦૮ના દાવામાં હાલના બન્ને વાદીઓ સગીર વાદી તરીકે હતા અને તેમા તેઓએ નામ ડીલીટ કરાવી હાલનો દાવો ખોટી હકીકતો સાથે દાખલ કરેલ છે. વાદીઓના પિતાને વડીલો પાર્જીત મિલ્કતમાંથી ભાગ આપી દીધેલ છે અને તે અંગેના લખાણો કરી આપેલ છે. અગાઉના દાવામાં પણ આજ પ્રકારની વચગાળાની મનાઈ અરજી મંજુર થયેલ નથી. જેથી હાલની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૩) આ કામના પ્રતિવાદીઓને દાવાના પ્રોસેસ બજી જતાં વાદીના માતા પિતા એટલે કે પ્રતિવાદી નં.૩ તથા જનાઓએ તેઓના વિદ્ધાન વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને આંક–૨૭૯ થી દાવા તથા હાલની અરજીનો જવાબ રજુ કરેલ છે, અને વાદીઓને સમર્થનકારી જવાબ રજુ રાખેલ છે.

(૪) આ કામના પ્રતિવાદીઓને દાવાના પ્રોસેસ બજી જતાં બીન ખેતીના પ્લોટો વેચાણ દસ્તાવેજથી ખરીદનાર વ્યકિતઓ એટલે કે પ્રતિવાદી નં.૯ થી ૧૨, ૧૪, ૩૭, ૯૮નાઓએ તેઓના વિદ્ધાન વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને આંક–૨૭૩ થી દાવાનો તથા હાલની અરજીનો જવાબ રજુ કરેલ છે તેમજ પ્રતિવાદી નં.રરનાઓએ તેઓના વિદ્ધાન વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને આંક–૨૫૭ થી દાવાનો તથા હાલની અરજીનો જવાબ રજુ કરેલ છે અને આ પ્રતિવાદીઓએ દાવાની હકીકતો સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની હકકતોનો ઈનકાર કરેલ છે અને તેઓ બોનાફાઈડ પર્ચેઝર હોવાનુ જણાવેલ છે. જેથી હાલની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૫) વાદી તથા પ્રતિવાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

**વાદી તરફે દસ્તાવેજી પુરાવોઃ**

| ક્રમ | માર્ક | વિગત |
|---|---|---|
| ૧. | ૪/૧ | રે.દિ.કેસ નં.૨/૦૮ના આંક–૨૫ની અરજી તથા તે નીચેના હુકમની નકલ. |
| ૨. | ૪/૨ | જીલ્લા પંચાયત કચેરી, મહેસુલ શાખા, ભાવનગરના હુકમ નં.ડીપી/એલ.એન.પી.કેસ/૧૦/૨૦૦૦–૦૧ની નકલ. |
| ૩. | ૪/૩ | જીલ્લા પંચાયત કચેરી, મહેસુલ શાખા, ભાવનગરના હુકમ નં.ડીપી/એલ.એન.પી.કેસ/૬૨/૨૦૦૫–૦૬ની નકલ. |
| ૪. | ૪/૪ થી ૪/૮૮ | સબ–રજીસ્ટ્રારશ્રી બોટાદની કચેરીમાં નોંધાયેલા રજી.વેચાણ દસ્તાવેજોની નકલ. |
| ૫. | ૪/૮૯ | મોજે બોટાદની સીમના સર્વે નં.૩૪૧ પૈકી–૨ના સને ૧૯૯૩–૯૪ થી ૨૦૦૧–૦૨ના ઉતારાની નકલ. |
| ૬. | ૪/૯૦ | મોજે બોટાદની સીમના સર્વે નં.૩૪૧ પૈકી–૨/પૈકી ૨ ના ગામ નમુના નં.૭ના ઉતારાની નકલ. |

## <u>પ્રતિવાદીઓ તરફે દસ્તાવેજી પુરાવોઃ</u>

| ક્રમ | માર્ક | વિગત |
|---|---|---|
| ૧. | ૨૮૪/૧ | રામજીભાઇ અરજણભાઇના મરણના પ્રમાણપત્રની નકલ. |
| ૨. | ૨૮૪/૨ | રે.દિ.કેસ નં.૨/૦૮ના કામે હુકમની નકલ. |
| ૩. | ૨૮૪/૩ | રે.દિ.કેસ નં.૨/૦૮ના કામે થયેલ હુકમ અને હુકમનામા સામે કરેલ અપીલની નકલ. |
| ૪. | ૨૮૭/૧ | રે.દિ.કેસ નં.૨/૦૮ના કામનો આંક–૫ તથા તેના હુકમની ખરી નકલ. |
| ૫. | ૨૮૭/૨ | પર.દિવાની અપીલ નં.૬૬/૦૯નો બોટાદ એડી.ડીસ્ટ્રીકટ જજ સાહેબના હુકમની ખરી નકલ. |
| ૬. | ૨૮૭/૩ | નામદાર ગુજરાત હાઇકોર્ટના સ્પે.સીવીલ એપ્લી. નં.૧૩૭૦૯/૧૦ની ઓનલાઇન નકલ |
| ૭. | ૨૮૭/૪ | રે.દિ.કેસ નં.૨/૦૮ના વાદી નં.૩,૪નાએ આપેલ અરજી તથા તેના હુકમની ખરી નકલ |
| ૮. | ૨૮૭/૫ | અશોકભાઇ રામજીભાઇ યાદવ વિ.ના સોગંદનામાની ખરી નકલ |
| ૯. | ૨૮૭/૬ | અશોકભાઇ રામજીભાઇ યાદવના સોગંદનામાની ખરી નકલ |
| ૧૦. | ૨૮૭/૭ | જયેશભાઇ રામજીભાઇ તથા અશોકભાઇ રામજીભાઇ યાદવ વચ્ચે થયેલ કરારની ખરી નકલ |

| | | |
|---|---|---|
| ૧૧. | ૨૮૭/૮ | રામજીભાઈ અરજણભાઈ તથા અશોકભાઈ રામજીભાઈ પિતા–પુત્ર વચ્ચે થયેલ સમજુતી કરારની ખરી નકલ |
| ૧૨. | ૨૮૭/૯ | જાહેર ચેતવણીની દૈનીક પેપરમાં આપેલ નોટીસની ખરી નકલ |
| ૧૩. | ૨૮૭/૧૦ | રે.દિ.કેસ નં.૨/૦૮ના પ્રતિવાદીના જવાબની ખરી નકલ |
| ૧૪. | ૨૮૭/૧૧ | રે.દિ.કેસ નં.૨/૦૮ના હુકમની ખરી નકલ. |
| ૧૫. | ૨૮૭/૧૨ | રે.દિ.કેસ નં.૨/૦૮ના હુકમનામાની ખરી નકલ. |
| ૧૬. | ૨૮૯/૧ | પ્રતિ.નં.૯નુ નગરપાલીકા, બોટાદની ટેક્ષની પહોંચની નકલ. |
| ૧૭. | ૨૮૯/૨ | પ્રતિ.નં.૯નુ પીજીવીસીએલના લાઇટબીલની નકલ. |
| ૧૮. | ૨૮૯/૩ | પ્રતિ.નં.૧૦નુ પીજીવીસીએલના લાઇટબીલની નકલ. |
| ૧૯. | ૨૮૯/૪ | પ્રતિ.નં.૧૨નુ નગરપાલીકા, બોટાદની ટેક્ષની પહોંચની નકલ. |
| ૨૦. | ૨૮૯/૫ | પ્રતિ.નં.૧૨નુ પીજીવીસીએલના લાઇટબીલની નકલ. |
| ૨૧. | ૨૮૯/૬ | પ્રતિ.નં.૧૪નુ નગરપાલીકા, બોટાદની ટેક્ષની પહોંચની નકલ. |
| ૨૨. | ૨૮૯/૭ | પ્રતિ.નં.૧૪નુ પીજીવીસીએલના લાઇટબીલની નકલ. |
| ૨૩. | ૨૮૯/૮ | પ્રતિ.નં.૯૮નુ નગરપાલીકા, બોટાદની ટેક્ષની પહોંચની નકલ. |
| ૨૪. | ૨૮૯/૯ | પ્રતિ.નં.૯૮નુ પીજીવીસીએલના લાઇટબીલની નકલ. |
| ૨૫. | ૨૮૯/૧૦ | પ્રતિ.નં.૫૭નુ નગરપાલીકા, બોટાદની ટેક્ષની પહોંચની નકલ. |
| ૨૬. | ૨૮૯/૧૧ | પ્રતિ.નં.૫૭નુ પીજીવીસીએલના લાઇટબીલની નકલ. |
| ૨૭. | ૨૮૯/૧૨ | પ્રતિ.નં.૮૪નુ પીજીવીસીએલના લાઇટબીલની નકલ. |
| ૨૮. | ૨૮૯/૧૩ | શ્રી રામપાર્કમાં આવેલા મકાનોના ફોટોગ્રાફસ–૮ કોપી |

**(૬)** તમામ પક્ષકારોના પક્ષનિવેદનો અને રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લઈ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧) શું વાદી સાબિત કરે છે કે, તેઓને આ કામના પ્રતિવાદી સામે પ્રથમદર્શનિય કેસ છે ?

૨) શું વાદી સાબિત કરે છે કે, જો વાદીને આ માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણામાં ન ચુકવી શકાય તેવું નુકશાન જાય

તેમ છે?

૩) શું વાદી સાબિત કરે છે કે, આ કામે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે?

૪) શું હુકમ?

**(૭)** ઉપરોક્ત ત્રણેય મુદ્દાઓમાં મારો જવાબ નીચે મુજબ આપું છું.

મુદ્દા નંબર–૧ – નકારમાં

મુદ્દા નંબર–૨ – નકારમાં

મુદ્દા નંબર–૩ – નકારમાં

મુદ્દા નંબર–૪ – આખરી હુકમ મુજબ.

## દલીલો

**(૮)** આ કામના વાદીના વિ.વ.શ્રી જી.કે.સોમાણીની એવી દલીલ છે કે, વાદીઓ ભાઇ બહેન છે અને પ્રતિવાદી નં.૩ અને ૪ તેઓના માતા પિતા છે. પ્રતિવાદી નં. ૫ થી ૮ તેમના કાકા છે. પ્રતિવાદી નં.૯ થી ૯૯ પ્લોટ ખરીદનાર વ્યકિતઓ છે. દાવાવાળી મિલ્કત રેવન્યુ સર્વે નંબર ૩૪૧ પૈકી જમીન બીનખેતી કરીને રામપાર્ક તથા રામપાર્ક–૧ના પ્લોટો તથા તેમાંથી વધેલી ખેતીની જમીન હે.આ.રે. ૧–૦૬–૨૨ ચો.મી તથા રહેણાંકના મકાન સીટી સર્વે નં.૧૫૭૬ (શીટ નં.૧૧૬) વડીલો પાર્જીત મિલ્કતો છે. પ્રતિવાદી નં.૧ના તેમના દાદા રામજીભાઇ કુટુંબના કર્તા છે. વાદીના માતા–પિતાએ જાતે તથા સગીર વાદીઓના વાલી દરજજે નામદાર બોટાદ કોર્ટમાં રે.દિ.કેસ નં.ર/૨૦૦૮ દાખલ કરેલ. સગીર વાદીઓ પુખ્ત થતા તેઓએ તા.૧૮/૧૦/૨૦૧૬ના રોજ દાવો ફરી દાખલ કરવાની શરતે પોતાનો દાવો વિથ્ડ્રો કરેલ અને નામ ડીલીટ કરાવેલ. ત્યારબાદ હાલનો દાવો વાદીઓએ કરેલ છે. આ કામના પ્રતિવાદી નં.૯ થી ૯૯નાઓએ મિલ્કતના ટાઇટલ ચકાસણી કર્યા વગર પ્લોટો ખરીદ કરેલા હોય તેઓને બોનાફાઇડ પર્ચેઝર ગણી શકાય નહી જેથી તેમના દસ્તાવેજો રદ કરવા માટે દાવા અરજીમાં દાદ માંગેલ છે. સદર મિલ્કતો વડીલો પાર્જીત હોય વાદીઓનો હિન્દુ સકશેશન એકટની કલમ ૬ અને ૮ મુજબ કો–પાર્શનર તરીકે જન્મથી જ હકક અધિકાર આવેલા છે. જેથી આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી મિલ્કત ટ્રાન્સફર એસાઇન કરે તો વાદીઓના હકક હિસ્સાને નુકશાન જાય તેમ છે. વાદીના પિતા પ્રતિવાદી નં.૩ સાથે કોલ્યુઝનમાં પ્રતિવાદી

નં.૧, ૨ તથા ૫ થી ૮ નાઓએ ખોટા લખાણો ઉભા કરી વાદીના હકક હિતને નુકશાન કરવા માંગે છે. આ કામના વાદીનો પ્રાઇમાફેશી કેસ છે, બેલેન્સ ઓફ કન્વીન્યન્સ પણ વાદીના લાભમાં છે જેથી હાલની મનાઇ હુકમની અરજી મંજુર કરવા અરજ કરેલ છે. વધુમાં તેઓની એવી દલીલ છે કે ફેમેલી અરેન્જમેન્ટના લખાણો અનરજીસ્ટર્ડ હોય તો તેવા લખાણોને પુરાવામાં ધ્યાને લઇ શકાય નહી અને તેઓની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખેલ છે.

૧. Kantibhai Ishwarbhai Patel Vs Chandrakant Ishwarbhai Patel, 28 March, 2005 (2005)3 GLR 2110.

૨. Roshanben Hajibhai Deraiya W/o Ganibhai Sorathiya Vs. State of Gujarat, C/SCA/10065/2020, 09/07/2021.

૩. Smt.Rajnibai alias Mannubai Vs. Kamla Devi and others, AIR 1996, Supreme Court 1946.

**(૮.૧)** પ્રતિવાદી નં.૨,૫ થી ૮ના વિ.વ.શ્રી સી.આર.મહેતાની એવી દલીલ છે કે, આ કામના વાદીના માતા–પિતા એટલે કે પ્રતિવાદી નં.૩ તથા જનાઓએ જાતે તથા વાદી સગીર હોય તેઓના વાલી દરજજે રેગ્યુલર દિવાની કેસ નં.૨/૨૦૦૮ દાખલ કરેલ જેમાં સદર મિલ્કતો વેચાણ, ગીરો, ટ્રાન્સફર કરે કરાવે નહી તેવી માંગણી કરેલી અને તે અંગેનો વચગાળાના મનાઇ હુકમની અરજી નામદાર ટ્રાયલ કોર્ટમાં, ત્યારબાદ તેની અપીલ નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટમાં તથા ત્યારબાદ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં કાઢી નાખવામાં આવેલ છે. આમ, આ કામના વાદીઓ અગાઉ કરેલ દાવામાં સફળ રહેલ નથી. સદર રે.દિ.કેસ નં.૨/૨૦૦૮માં હાલના વાદીઓએ આંક–૨૫ થી તેઓને આગળ દાવો ચલાવવો ન હોય પોતાનો દાવો પરત ખેંચેલ જેમાં ફરી ફાઇલે દાખલ કરવાની શરતે પરવાનગી આપવામાં આવેલી હોય તેવુ હુકમમાં નામદાર કોર્ટે લખેલ નથી. આમ છતાં વાદીઓએ સદર દાવો બીજી વખત ખોટી હકીકતો સાથે દાખલ કરેલ છે. તેઓના માતા–પિતાએ સગીર વાદીઓનુ હકક હિતને નુકશાન થાય તેવુ કૃત્ય કરતા હોય તેવો કોઇ પુરાવો વાદીએ રજુ રાખેલ નથી. આ કામના વાદીઓના પિતા પ્રતિવાદી નં.૩ અશોકભાઇને ખુબજ દેણુ થઇ ગયલુ જે દેણુ પ્રતિવાદી નં.૧ના એ પ્લોટો વેચીને ચુકવેલુ. જે વાદીઓની જાણ અને સમજણ મુબજ તેમજ વાદીઓના હિત માટે કરવામાં આવેલુ. આ કામના વાદીના માતા–પિતાએ પોતાનો હકક જતો કરવાના લખાણો કરી આપેલા

છે જે માર્ક–૨૮૭/૫ થી ૨૮૭/૮ રજુ રાખેલા છે. સદર લખાણો તેઓએ કોઇના દાબદબાણ વગર સ્વેચ્છાપુર્વક કરી આપેલા છે અને તેઓને કરેલ રે.દિ.કેસ નં.૨/૨૦૦૮ના કામમાં નામદાર કોર્ટે સદર લખાણો માનેલ છે અને વાદીઓનો દાવો નામંજુર કરેલ છે જે માર્ક–૨૮૭/૧૧ થી રજુ રાખેલ છે. અગાઉનો દાવો પેન્ડીંગ હોવા છતાં હાલનો દાવો વાદીઓએ કરેલ હોય અને અગાઉના દાવામાં વાદીઓને દાદ મળવા પાત્ર ન હોય તેવુ ઠરાવેલ હોય હાલની મનાઇ અરજી ટકવાપાત્ર નથી જેથી મનાઇ અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**(૮.૨)** અન્ય પ્રતિવાદીઓ કે જેઓએ પ્લોટ ખરીદેલ અને નામદાર કોર્ટમાં હાજર થઇ તેઓના વિ.વ.શ્રીની એવી દલીલ છે કે, તેઓએ સદર પ્લોટો ટાઇટલ જોઇ તપાસી ખરીદ કરેલ છે. સદર પ્લોટો રામજીભાઇ અરજજણભાઇ જાદવનાઓના નામે ખેતીની જમીન હોય અને બીનખેતીનો હુકમ પણ તેઓના નામનો હોય ઉત્તરોત્તર પ્લોટો ખરીદેલા છે. તેઓ બોનાફાઇડ પર્ચેઝર હોય અને માલીક બનેલા હોય સદર પ્લોટોના ખરીદ વેચાણના હકક અધિકારો ધરાવતા હોય હાલની વચગાળાની મનાઇ હુકમની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**કારણો**

**(૯)** આ કામના વાદીઓનો એવો કેસ છે કે, બોટાદ મધ્યે રાજપુત ચોરા પાસે આવેલ સીટી સર્વે નં.૧૫૭૬ વાળુ મકાન તેઓના પિતા એટલે કે પ્રતિવાદી નં.૩નાની કમાણીમાંથી પ્રતિવાદી નં.૧ના નામે ખરીદવામાં આવેલાનુ જણાવેલ છે અને તેમાંથી હકક હિસ્સો માંગેલ છે. પરંતુ આ કામના વાદીઓના પિતા હયાત છે અને પોતાની કમાણીની મિલ્કત અંગે પોતે દાવો લાવી શકે છે અને તેઓએ રે.દિ.કેસ નં.૨/૨૦૦૮ દાખલ કરેલ જેમાં સફળ થયેલ નથી. જેથી સદર મિલ્કત લગત વચગાળાની મનાઇ હુકમની અરજી ટકવાપાત્ર ન હોવાનુ અમોનુ માનવુ છે.

**(૯.૧)** આ કામના વાદીએ નીચેની દાવાવાળી મિલ્કતો વડીલો પાર્જીત હોવાનુ જણાવેલ છે.

**અ.** બોટાદ તાલુકાના બોટાદ ગામના સર્વે નં.૩૪૧ પૈકીની એ.૧–૦૮ ગુંઠા એટલે કે ૪૮૫૬ ચો.મી. જમીન જે રહેણાંકના હેતુ સારૂ જીલ્લા પંચાયત કચેરી, ભાવનગરના તા. ૬/૦૧/૦૧ ના હુકમ મુજબ બિનખેતીમાં ફેરવવામાં આવેલ છે, જે ભાગ રામપાર્ક તરીકે ઓળખાય છે અને તેમાં કુલ–૨૩ પ્લોટ પાડવામાં આવેલ છે.

**બ.** બોટાદ તાલુકાના બોટાદ ગામના સર્વે નં.૩૪૧ પૈકીની એ.૧–૦૮ ગુંઠા એટલે

કે ૪૮૫૬ ચો.મી. જમીન જે રહેણાંકના હેતુ સારૂ જીલ્લા પંચાયત કચેરી, ભાવનગરના તા. ૧૩/૦૨/૦૬ના હુકમ મુજબ બિનખેતીમાં ફેરવવામાં આવેલ છે, જે ભાગ રામપાર્ક–૧ તરીકે ઓળખાય છે અને જેમાં કુલ–૨૭ પ્લોટ પાડવામાં આવેલ છે.

**ક.** બોટાદ તાલુકાના બોટાદ ગામના સર્વે નં.૩૪૧ પૈકીની ઉપરોકત ૦૧ તથા ૦૨માં દર્શાવ્યા મુજબની જમીન બિનખેતીમાં તબદીલ થયા બાદ બાકી રહેતી હે.આરે.૧–૦૬–૨૨ ચો.મી. ખેતીની જમીન.

**ડ.** બોટાદ મધ્યે રાજપુત ચોરા પાસે આવેલ સીટ નં.૧૧૬ અને સીટી સર્વે નં.૧૫૭૬ વાળુ મકાન.

**(૯.૨)** આ કામના વાદીના માતા–પિતાએ જાતે તથા સગીર વાદીઓના વાલી દરજજે રે.દિ.કેસ નં.ર/૨૦૦૮ દાખલ કરેલ જેમાં અમુક પ્લોટો તથા બાકી રહેતી ખેતીની જમીન અંગે તેમજ સીટી સર્વે નં.૧૫૭૬ વાળા મકાન અંગે વડીલો પાર્જીત હોવાનુ જણાવી સદર મિલ્કતો કોઇને વેચે વેચાવે નહી કે વાદીના હકોને નુકશાન કરે તેવુ કૃત્ય કરે નહી તેમજ સદર મિલ્કતો મજીયારી મિલ્કતો હોવાનુ ઠરાવી આપવા દાદ માંગેલ જે અંગેનુ જજમેન્ટ તા.૦૬/૦૪/૨૦૨૩ નુ માર્ક–૨૮૭/૧૧ થી રજુ થયેલ છે જે જોવામાં આવે તો સદર મિલ્કત હિન્દુ અવિભકત કુટુંબની સંયુકત મિલ્કત હોવાનુ માનવામાં આવેલ નથી તેમજ સદર મિલ્કતો અંગે તે દાવામાં આ જ પ્રકારની મનાઇ હુકમની અરજી દાખલ કરેલ જેનો નામદાર ટ્રાયલ કોર્ટનો હુકમ માર્ક–૨૮૭/૧ થી રજુ રાખેલ છે તેમજ તેના પર થયેલ અપિલ નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટ તથા નામદાર ગુજરાત હાઇકોર્ટે કાઢી નાખેલ જે હુકમ માર્ક–૨૮૭/૧ થી ૨૮૭/૩ થી રજુ રાખેલ છે. જે જોવામાં આવે તો આ કામના હાલના વાદી તે દાવામાં સગીર વાદી તરીકે જોડાયેલા હતા અને સદર વચગાળાના હુકમો થાય ત્યા સુધી ચાલુ હતા અને આ હુકમો થયેલા છે. આમ વાદીઓ સદર હુકમોથી વાકેફ છે અને સદર હુકમો તેઓની તરફેણમાં આવેલા નહી. ત્યારબાદ તે જ પ્રકારની અરજી હાલના દાવામાં કરેલ છે.

**(૯.૩)** સગીર વાદીઓએ રે.દિ.કેસ નં.ર/૨૦૦૮માં આંક–૨૫ થી સી.પી.સી.ઓ. ૩૨ રૂલ ૯ તથા ૧૨ મુજબ દાવો પરત ખેંચવા અરજી તા.૦૨/૦૯/૨૦૧૬ના રોજ કરેલ જે અરજી તથા તા.૧૮/૧૦/૨૦૧૬નો હુકમ માર્ક–૨૮૭/૪ થી રજુ થયેલ છે જે જોવામાં આવે તો હાલના વાદી નં.રનો જન્મ તા.૧૮/૦૮/૧૯૯૪ના રોજ થયેલ છે એટલે કે તેઓ ૧૭/૦૭/૨૦૧૨ના રોજ પુખ્ત થયેલ છે અને તેના ત્રણ વર્ષ બાદ સદર દાવો પરત ખેંચવા દાદ માંગેલ છે. તથા હાલના વાદી નં.૧નો જન્મ તા.૧૯/૧૧/૧૯૯૫ના રોજ થયેલ છે

એટલે કે તેઓ ૧૮/૧૧/૨૦૧૩ના રોજ પુખ્ત થયેલ છે અને તેના બે વર્ષ દશ માસ બાદ સદર દાવો પરત ખેંચવા દાદ માંગેલ છે. અને હાલનો દાવો તા.૨૯/૦૪/૨૦૧૭ના રોજ દાખલ કરેલ છે. એટલે કે પુખ્ત થયા બાદ ત્રણ વર્ષ બાદ હાલનો દાવો વાદીઓએ કરેલ છે. વધુમાં આ કામના વાદીઓએ રે.દિ.કેસ નં.૨/૨૦૦૮માં આંક–૨૫ થી દાવો પરત ખેંચવા તથા નામ ડીલીટ કરવા અરજી આપેલ જેમાં તેમના માતા–પિતાએ ઈષ્ટમિત્ર તરીકે તેમના હિત વિરૂધ્ધ કાર્યવાહી કરતા હોવાનુ જણાવી છુટા કરતા હોવાનુ પેરા–૪માં લખેલ છે પરંતુ હાલની દાવા અરજી ધ્યાને લેતાં તેમના માતા–પિતાએ તેમનજ હિત વિરૂધ્ધ અગાઉના દાવામાં શુ કાર્યવાહી કરેલી છે તેવી કોઇ હકીકત જણાવેલી નથી. વધુમાં આ કામના વાદીના માતા–પિતા એટલે કે પ્રતિવાદી નં.૩, ૪ નાઓએ આંક–૨૭૯ થી જવાબ રજુ કરેલ છે તેમાં પણ તેઓએ હાલના વાદીને સમર્થનકારી જવાબ રજુ કરેલ છે. વધુમાં આ કામના વાદીઓએ તેમના માતા–પિતાએ તેમના હકક–હિત વિરૂધ્ધ કાર્યવાહી કરેલ હોય તે અંગે અલગથી કોઇ દાવો કરેલ હોય કે કોઇ કેસો–કાર્યવાહી કરેલ હોય તેવુ પણ નીકળી આવતુ નથી. આમ, વાદી તથા પ્રતિવાદી નં.૩,૪ના મેળાપીપણાંમાં હોવાનુ હાલના તબકકે જણાય છે.

**(૯.૪)** આ કામે માર્ક–૨૮૭/૫ થી માર્ક–૨૮૭/૮ જોવામાં આવે તો વાદીઓના માતા–પિતાએ વડીલો પાર્જીત મિલ્કતોમાંથી પોતાનો હકક હિસ્સો જતો કરેલ હોવાના સોગંદનામા, લખાણો તથા ઘરમેળે સમજુતી કરાર કરી આપેલ છે અને પોતાના વંશ વારસોમાં આવતા હકક અધિકારો જતા કરેલાનુ લખી આપેલ છે. સદર લખાણો ધ્યાને લઇ વાદીના માતા–પિતાનો ચાલુ રે.દિ.કેસ નં.૨/૨૦૦૮ નામદાર કોર્ટે નામંજુર કરેલ છે જેનુ જજમેન્ટ માર્ક–૨૮૭/૧ થી રજુ થયેલ છે. એટલે કે સદર લખાણો પક્ષકારો વચ્ચે થયેલાનુ નીકળી આવે છે. આમ, વાદીના માતા–પિતાએ જ વંશ વાલી વારસો સહીત પોતાના હકક અધિકારો વડીલો પાર્જીત મિલ્કતોમાંથી જતા કરી રોકડ રકમો મેળવી લીધેલ છે તેમજ આ કામના વાદીએ પણ આ દાવાના પેરા–૧૦(ડી)માં દાવાવાળી મિલ્કતની બજાર કિંમતમાંથી હિસ્સે આવતી રકત પ્રતિવાદી નં.૧ થી ૭ના ચુકવી આપે તેવી વિકલ્પે દાદ માંગેલ છે. વાદીઓના માપા–પિતાઓએ તેમના તથા તેમના સંતાનના હકક હિસ્સાની મિલ્કત પેટે રકમ મેળવી લીધેલ હોય સદર વચગાળાની અરજી મંજુર કરવામાં ન આવે તો રૂપીયા પૈસામાં ન આંકી શકાય તેવુ નુકશાન થતુ હોય તેવુ નીકળી આવતુ નથી.

**(૯.૫)** આ કામે પ્રતિવાદી નં.૯ થી ૯૯ રામપાર્ક તથા રામપાર્ક–૧ ના પ્લોટ વેચાણ દસ્તાવેજ થી ખરીદનાર વ્યકિતઓ છે. માર્ક–૪/૨નો એન.એ.નો હુકમ તા.૦૬/૦૧/૦૧નો

તથા માર્ક–૪/૩નો એન.એ.નો હુકમ તા.૧૩/૦૨/૨૦૦૬નો જોવામાં આવે તો ખાતેદાર રામજીભાઇ અરજણભાઇએ ખેતીની જમીન બીનખેતી ફેરવવા માટે અરજી કરતા મંજુર થયેલ છે. આમ, સદર ખેતીની જમીન રેવન્યુ રેકર્ડમાં ગુજરનાર રામજીભાઇ અરજણભાઇના નામે ચાલતી હતી અને તેઓએ બીનખેતીમાં ફેરવેલ છે અને ત્યારબાદ પ્લોટોનુ અલગ અલગ વ્યકિતઓને વેચાણ કરેલ છે. પ્રતિવાદી નં.૯ થી ૯૯ પૈકી અમુક પ્લોટો મુળ માલીક રામજીભાઇ અરજણભાઇએ વેચાણ કરેલ છે અને અમુક પ્લોટો ઉત્તરોત્તર ખરીદવામાં આવેલા છે. આમ, સદર હકીકત ધ્યાને લેવામાં આવે તો રેવન્યુ રેકર્ડમાં ખાતે જે વ્યકિતના નામે મિલકત આવેલી તેના પાસેથી સદર પ્લોટો પ્રતિવાદી નં. ૯ થી ૯૯ એ ખરીદ કરેલ છે. વધુમાં આ કામના વાદીઓએ લીઝ પેન્ડેન્સી રજીસ્ટર્ડ કરાવેલ હોય તેવો પણ કોઇ પુરાવો વાદી તરફે રજુ થયેલ નથી. જેથી આ કામના પ્રતિવાદી નં.૯ થી ૯૯ એ મિલ્કતના માલીકીપણાના આધાર પુરાવા ધ્યાને લઇ સદર પ્લોટો ખરીદ કરેલાનુ જણાય છે. એટલે કે પ્રતિવાદી નં.૯ થી ૯૯ના બોનાફાઇડ પર્ચેઝર છે અને જો તેઓને તેઓની મિલકત ટ્રાન્સફર એસાઇન વેચાણ કરતા અટકાવવામાં આવે તો તેઓના હકક હિતને નુકશાન જાય તેમ છે. જેથી તેઓની સામે કોઇ મનાઇ હુકમ ફરમાવવો ઉચીત જણાતો નથી.

**(૯.૬)** વાદીના વિ.વ.શ્રીએ તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખેલ છે.

૧. Kantibhai Ishwarbhai Patel Vs Chandrakant Ishwarbhai Patel, 28 March, 2005 (2005)3 GLR 2110.

૨. Roshanben Hajibhai Deraiya W/o Ganibhai Sorathiya Vs. State of Gujarat, C/SCA/10065/2020, 09/07/2021.

૩. Smt.Rajnibai alias Mannubai Vs. Kamla Devi and others, AIR 1996, Supreme Court 1946.

ઉપરોકત ચુકાદાઓની હકીકતો તથા હાલના દાવાની હકીકતો ખુબજ ભીન્ન પ્રકારની હોય સદર ચુકાદાઓ વાદીઓને મદદરૂપ ન હોવાનુ અમોનુ માનવુ છે.

**(૯.૭)** આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના વાદીઓ સગીર હતા ત્યારે તેમના માતા–પિતાએ જાતે તથા વાલી દરજજે દાવો દાખલ કરેલ અને તેમાં આ જ પ્રકારની મનાઇ અરજી આપવામાં આવેલી જે નામદાર ગુજરાત હાઇકોર્ટે સુધી નામંજુર થયેલ છે. વધુમાં આ

કામના વાદીના માતા–પિતાએ વડીલોપાર્જીત મિલ્કતમાંથી તેમના વંશ વારસો સહીત હકક જતો કરેલ છે તેમજ પ્રતિવાદી નં.૯ થી ૯૯ બોનાફાઇડ પર્ચેઝર હોવાનુ જણાય આવે છે. જે હકીકત ધ્યાને લેતાં આ કામના વાદીનો પ્રથમદર્શનીય કેસ ન હોવાનુ અમોનુ માનવુ છે. વધુમાં વાદીએ વૈકલ્પીક દાદમાં મિલકતની રકમ પૈકી હિસ્સે આવતી રકમ અપાવવા અરજ કરેલ છે જે ધ્યાને લેતાં સદર મનાઇ હુકમની અરજી મંજુર કરવામાં ન આવે તો રૂપીયા પૈસામાં ન આંકી શકાય તેવુ વાદીઓને નુકશાન જતુ હોવાનુ માની શકાય તેમ નથી. વધુમાં આ કામના વાદીના માતા–પિતાએ વડીલોપાર્જીત મિલ્કતમાંથી તેમના વંશ વારસો સહીત હકક જતો કરેલ અને અગાઉના દાવાનો નિર્ણય પણ વાદીના માતા–પિતાની તરફેણમાં આવેલ ન હોય વાદીઓ કરતા પ્રતિવાદીઓ તરફ સગવડતાની સમતુલા હોવાનુ નીકળી આવે છે જેથી મુદ્દા નં.૧,૨ તથા ૩ જવાબ નકારમાં આપવામાં આવે છે અને ન્યાયના હિતમાં મુદ્દા નં.૪ લગત નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) વાદીની આંક–૫ અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજ તા.૧૯ મી માહે નવેમ્બર, ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહીથી જાહેર કરવામાં આવ્યો.

બોટાદ.
તા.૧૯/૧૧/૨૦૨૪

**(આઈ.કે.જાંગડ)**
પ્રિન્સિપાલ સિનિયર સિવીલ જજ
બોટાદ.
કોડ નં.જી.જે.૦૦૮૬૭